(૧૫)

**પ્ર. ૧ (અ) સામાયિક–પ્રતિક્રમણના આધારે.... (૭)**

**(૧) નીચેના વાક્યો શુદ્ધ છે કે અશુદ્ધ? અશુદ્ધ હોય તે સુધારીને લખો અને કયા પાઠમાં આવે છે? (૪)**

| | **અશુદ્ધ** | **શુદ્ધ** | **પાઠ** |
|---|---|---|---|
| ૧. પન્નતે | **અશુદ્ધ** | **પન્નત્તે** | **પ્રતિક્રમણના ચોથા પાઠમાં, સાતમા વ્રતમાં, આઠમા વ્રતમાં** |
| ૨. પરિસહેહિં | – | **શુદ્ધ** | **ચોથા શ્રમણસૂત્રમાં** |
| ૩. દિટ્ઠી સંપન્નો | **અશુદ્ધ** | **દિટ્ઠિ સંપન્નો** | **પાંચમા શ્રમણસૂત્રમાં** |
| ૪. ભેસજેણં | **અશુદ્ધ** | **ભેસજ્જેણં** | **બારમા વ્રતમાં** |

**(૨)** પડિક્કમામિ **ચાઉક્કાલં સજ્ઝાયસ્સ અકરણયાએ ઉભઓકાલં ભંડોવગરણસ્સ અપ્પડિલેહણાએ** દુપ્પડિલેહણાએ **પાઠ પૂર્તિ કરો. (૩)**

**(આ) આવશ્યક સૂત્રના આધારે.... (૮)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ એક શબ્દમાં લખો. (૪)**

| | **જવાબ** |
|---|---|
| ૧. આહારાદિ આસક્તિનો ત્યાગ. | **પ્રત્યાખ્યાન** |
| ૨. સ્વસ્થાનમાં પાછા ફરવું. | **પ્રતિક્રમણ** |
| ૩. નિર્મળતાને પ્રાપ્ત કરવી. | **શુદ્ધિ** |
| ૪. અનેક જીવોની અપેક્ષાએ તે અનંત છે. | **ધ્રુવ** |
| ૫. આત્માની વિશુદ્ધિનુ કારણ હોવાથી શું કહેવાય? | **વિશોધિ** |
| ૬. આવશ્યક મોક્ષના હેતુભૂત હોવાથી શું કહેવાય? | **માર્ગ** |
| ૭. સર્વ પ્રકારના અશુભ યોગોનો ત્યાગ કરવો. | **પરિહરણ** |
| ૮. ભાવ આવશ્યકનું સ્વરૂપ કયા સૂત્રમાં આપ્યું છે? | **અનુયોગ દ્વાર** |

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં જવાબ લખો. (૪)**

૧. નિવૃત્તિ કોને કહે છે?

**જ. અશુભ અર્થાત્ પાપાચરણરૂપ અકાર્યથી નિવૃત્ત થવું તેને નિવૃત્તિ કહે છે.**

૨. બીજો આવશ્યક કોને પ્રગટ કરવા માટે છે?

**જ. બીજો આવશ્યક તીર્થંકરના અનંતગુણોને પ્રગટ કરવા માટે છે.**

૩. અનુયોગદ્વાર સૂત્રમાં શેનું સ્વરૂપ સ્પષ્ટ કર્યું છે?

**જ. અનુયોગ દ્વાર સૂત્રમાં આવશ્યકના અનેક પર્યાયવાચી નામના કથન દ્વારા આવશ્યકનું સ્વરૂપ સ્પષ્ટ કર્યું છે.**

૪. આવશ્યકના કેટલા પ્રકાર છે? કયા કયા?

**જ. આવશ્યકના બે પ્રકાર છે ૧) દ્રવ્ય આવશ્યક ૨) ભાવ આવશ્યક.**

(૧૦)

**પ્ર. ૨ સૂયગડાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. અહિંસા ધર્મની આરાધના કોણ કરે છે? અજ્ઞાનતા શું છે? જ્ઞાનીના જ્ઞાનનો સાર શું છે? (૪)

**જ. પાપનું મૂળ પરિગ્રહ છે આ સત્યને સમજીને સાધકોએ પદાર્થોની મૂર્છા–આસક્તિને છોડવી તે જ સાધના છે. જે આસક્તિનો ત્યાગ કરે છે તે જ અહિંસા ધર્મને આરાધના કરે છે. આપણી આસકતિની પૂર્તિ માટે અન્ય જીવોની કરેલી હિંસા તે અજ્ઞાનતા છે. કોઈ પણ કારણથી ત્રસ કે સ્થાવર, સૂક્ષ્મ કે સ્થૂલ કોઈ પણ જીવોની હિંસા ન કરવી તે જ જ્ઞાનીના જ્ઞાનનો સાર છે. અહિંસા જ સમભાવ કે વીતરાગ ભાવને પ્રગટાવે છે, અહિંસા જ અન્ય પાપોનો ત્યાગ કરાવે છે.**

૨. સાધુ લક્ષની સિદ્ધિ માટે શું કરે? (૩×૨)

**જ. લક્ષની સિદ્ધિ માટે વારંવાર સ્વાધ્યાય, ધ્યાન, કાયોત્સર્ગ આદિ પરમાત્મા કથિત અનુષ્ઠાનોની આરાધના કરે, સદ્‌બોધની પ્રાપ્તિની આ ક્ષણના મહત્ત્વને સમજીને જે તથા પ્રકારની આરાધના કરે છે તે જ કર્મનું વિદારણ કરીને આત્મશુદ્ધિ કરી, અંતિમ લક્ષને સિદ્ધ કરી શકે છે.**

૩. સૂયગડાંગ સૂત્રના ત્રીજા અધ્યયનનું નામ શું છે? ઉપસર્ગ વિજેતા કોણ બને છે? ઉદા. સાથે લખો.

**જ. સૂયગડાંગ સૂત્રના ત્રીજા અધ્યયનનું નામ ઉપસર્ગ પરિજ્ઞા છે. જેમ સમરાંગણમાં ગયેલ યોદ્ધો પોતાની શૂરવીરતાને ટકાવી રાખે છે, અંતે વિજયને પામે છે. તેવી જ રીતે સાધકે જીવનના અંત સુધી દરેક પરિસ્થિતિ માં પોતાનું લક્ષ્ય સતત નજર સમક્ષ રાખીને સંયમમાર્ગમાં સ્થિર થાય છે તે જ ઉપસર્ગ વિજેતા બને છે.**

(૧૦)

**પ્ર. ૩ ઠાણાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. સંગ્રહ નય એટલે શું?

**જ. વસ્તુના સામાન્ય ધર્મને સ્વીકારી જેમ કે એગે આયા. આત્મા એક છે. સર્વ જીવોના ચૈતન્ય સ્વરૂપની સમાનતાના કારણે આત્મા એક છે. સંગ્રહ નય પણ ત્રણે કાળ અને ચારે નિક્ષેપને જાણે છે.**

૨. દંડ રત્ન અને અશ્વ રત્નનું કાર્ય શું છે?

**જ. દંડ રત્ન–વિષમભૂમિ સમ કરે, તિમિસ્ર ગુફા અને ખંડપ્રપાત ગુફાના દ્વાર ખોલે.**
**અશ્વ રત્ન–નિષ્કૂટ વિજયયાત્રા દરમિયાન સેનાપતિ તેના પર સવારી કરે અને તે વિજય પ્રાપ્ત કરાવે.**

૩. દંડનીતિના માત્ર નામ લખો.

**જ. ૧) હકાર ૨) મકાર ૩) ધિક્કાર ૪) પરિભાષ ૫) મંડલબંધ ૬) ચારક ૭) છવિચ્છેદ.**

૪. વર્ષધર પર્વતના નામ લખો.

**જ. ૧) ચુલહિમવંત ૨) મહાહિમવંત ૩) નિષધ ૪) નીલવાન ૫) રુક્મિ ૬) શિખરી ૭) મંદર (મેરુ).**

૫. ભય સ્થાન કોને કહે છે? અ અક્ષર પરથી શરૂ થતા ભય અર્થ સાથે લખો.

**જ. ભય મોહનીય કર્મના ઉદયથી ઉત્પન્ન થતા આત્મ પરિણામના સ્થાન–આશ્રયને ભયસ્થાન કહે છે. અકસ્માત ભય – બાહ્ય નિમિત્ત વિના અચાનક ઉત્પન્ન થતો ભય,પોતાના જ વિચારથી ઉત્પન્ન થતો ભય અને અશ્લોક ભય – અપકીર્તિનો ભય.**

(૧૫)

**પ્ર. ૪ (અ) ભગવતી સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. શિવરાજાને રાત્રિના પાછલા પ્રહરમાં શું વિચાર આવ્યો?

**જ. પૂર્વ પુણ્યના ફળ સ્વરૂપે હું એકાંત સુખ ભોગવી રહ્યો છું તો હવે મારા માટે એ જ શ્રેષ્ઠ છે કે શિવભદ્રકુમારને રાજ્ય પર સ્થાપિત કરીને તાપસોચિત ઉપકરણો તૈયાર કરાવી, ગંગા નદીના કિનારે વાનપ્રસ્થ તાપસો છે તે તાપસો પાસે જાઉં.**

૨. શિવરાજર્ષિના અધ્યયનમાં શેનું વિસ્તૃત વર્ણન છે?

**જ. આ ઉદ્દેશકમાં શિવરાજર્ષિની તાપસ દીક્ષા, વિભંગજ્ઞાનની પ્રાપ્તિ, ૭ દ્વીપ અને ૭ સમુદ્ર સુધી લોક હોવાની મિથ્યા પ્રરૂપણા, પ્રભુ મહાવીર દ્વારા સત્ય સમાધાન અંતે પ્રભુની પાસે શિવરાજર્ષિ દ્વારા જૈન શ્રમણધર્મનો સ્વીકાર તેમ જ સંયમ, તપસાધના અને મોક્ષગમન સુધીનું વિસ્તૃત વર્ણન છે.**

૩. ઝૂંપડીમાં આવીને શિવ રાજર્ષિએ શું કર્યું?

**જ. ઝૂંપડીમાં આવીને શિવ રાજર્ષિએ છાબડી અને કાવડ લઈ પૂર્વ દિશાની પૂજા કરી. પૂર્વ દિશામાં રહેલા પુષ્પ, ફળ, બીજ, કંદ, મૂળ વનસ્પતિને ગ્રહણ કરવાની પૂર્વ દિશાના અધિપતિ સોમ મહારાજની આજ્ઞા માંગી.**

૪. શિવરાજર્ષિને કયું જ્ઞાન ઉત્પન્ન થયું? તેઓ શું પ્રચાર કરવા લાગ્યા?

**જ. શિવરાજર્ષિને વિભંગ નામનું અજ્ઞાન ઉત્પન્ન થયું. હે દેવાનુપ્રિયો ! મને અતિશય જ્ઞાન–દર્શન ઉત્પન્ન થયા છે. જેથી હું એજાણું છું, દેખું છું કે આ લોકમાં સાત દ્વીપ અને સાત સમુદ્ર છે. ત્યારપછી દ્વીપ અને સમુદ્ર**

**નથી.**

પ. શિવરાજર્ષિ શું લઈને વંદન કરવા ગયા? ભગવાનની ઉપાસના કેવી રીતે કરી?

**જ. શિવરાજર્ષિ લોઢી, કડાઈ, વાંસનું પાત્ર, કાવડ આદિ તાપસોપકરણો ધારણ કરીને વંદન કરવા ગયા. તેમની પાસે જઈને તેઓને આદક્ષિણ–પ્રદક્ષિણા કરી, વંદન–નમસ્કાર કર્યા અને હાથ જોડીને ભગવાનની ઉપાસના કરવા લાગી.**

**(આ) જ્ઞાતાધર્મકથા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો. (પ)**

૧. ભગવાન કયા નગરમાં પધાર્યા? ત્યાં કયું ઉદ્યાન હતું?

**જ. ભગવાન રાજગૃહ નગરમાં પધાર્યા. ત્યાં ગુણશીલ ઉદ્યાન હતું.**

૨. ગૌતમ સ્વામીએ ભગવાન મહાવીરને શું કહ્યું?

**જ. હે ભગવન્ ! જીવ કેવી રીતે ભારે અને હળવો બને છે? જીવ ગુરુતા–લઘુતાને કેવી રીતે પામે છે?**

૩. તુંબડાને કયો લેપ કરવામાં આવે છે?

**જ. તુંબડાને ડાભ અન કુશ વીંટીને, માટીનો લેપ કરવામાં આવે છે.**

૪. કર્મથી વિમુક્ત જીવ ક્યાં બિરાજમાન થઈ જાય છે?

**જ. કર્મથી વિમુક્ત જીવ લોકના અગ્રભાગ પર બિરાજમાન થઈ જાય છે.**

પ. ભારે બનેલો જીવ શેમાં ડૂબી જાય છે?

**જ. ભારે બનેલો જીવ સંસાર સાગરમાં ડૂબી જાય છે.**

**(પ)**

**પ્ર. પ નિરિયાવલિકા (વૃષ્ણિદશા) સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. નિષધકુમારના અધ્યયનમાં શેનું વર્ણન છે?

**જ. નિષધકુમારના અધ્યયનમાં વૃષ્ણિવંશીય બાર રાજકુમારોનું વર્ણન છે.**

૨. નિષધકુમારના માતા–પિતાનું નામ શું હતું?

**જ. નિષધકુમારના માતા–રેવતી, પિતા–બળદેવ.**

૩. નિષધકુમારના અધ્યયનમાં શેની વાતો દર્શાવી છે?

**જ. નિષધકુમારના અધ્યયનમાં ધાર્મિક, માર્મિક વાતો દર્શાવી છે.**

૪. વીરાંગદ કુમારે દીક્ષા લઈને કેટલો અભ્યાસ કર્યો?

**જ. વીરાંગદ કુમારે દીક્ષા લઈને સામાયિકથી લઈને ૧૧ અંગોનો અભ્યાસ કર્યો.**

પ. અરિષ્ટનેમિના મુખ્ય શિષ્ય કોણ હતા? તેઓ કેવી રીતે આત્માને ભાવિત કરતા હતા?

**જ. અરિષ્ટનેમિના મુખ્ય શિષ્ય વરદત્ત અણગાર હતા. તપ અને સંયમથી આત્માને ભાવિત કરતા હતા.**

**(૧પ)**

**પ્ર. ૬ ઉત્તરાધ્યયન સૂત્રના આધારે જવાબ લખો.**

**(૧) નીચેની ગાથાઓ પૂર્ણ કરી ભાવાર્થ લખો. (૧૨)**

૧. સકમ્મ**સેસેણ પુરાકએણં, કુલેસુદગ્ગેસુ ય તે પસૂયા ।**
**ણિવ્વિણ્ણસંસારભયા જહાય, જિણિંદમગ્ગં સરણં** પવણ્ણા ॥

**અર્થ : પૂર્વભવમાં કરેલા અને શેષ રહેલા પોતાના શુભ કર્મોને કારણે તે છ યે જીવો ઈષુકાર નગરના ઉચ્ચ કુળોમાં ઉત્પન્ન થયા અને સંસારના ભયથી ઉદ્વિગ્ન થઈ, કામભોગોનો ત્યાગ કરી જિનેન્દ્ર ભગવાન ના માર્ગનું શરણું સ્વીકાર્યું અર્થાત્ તીર્થંકર દ્વારા બતાવેલા સંયમમાર્ગનો સ્વીકાર કર્યો.**

૨. અસાસયં **દટ્ઠુ ઈમં વિહારં, બહુઅંતરાયં ણ ય દીહમાઉં ।**
**તમ્હા ગિહંસિ ણ રઈ લભામો, આમંતયામો ચરિસ્સામુ** મોણં ॥

**અર્થ : આ મનુષ્ય જીવન ક્ષણિક છે, જીવન વિઘ્નોથી ભરેલું છે અને મનુષ્યનું આયુષ્ય અલ્પ છે, તેથી આ ઘરમાં કે ગૃહસ્થ જીવનમાં મને જરાપણ આનંદ પ્રાપ્ત થતો નથી, માટે મુનિધર્મના આચરણની, ત્યાગ**

**માર્ગે જવાની આજ્ઞા આપો.**

૩. વેયા **અહીયા ણ હવંતિ તાણં, ભુત્તા દિયા ણિંતિ તમં તમેણં ।**

**જાયા ય પુત્તા ણ હવંતિ તાણં, કો ણામ તે અણુમણ્ણેજ્જ** એયં॥

**અર્થ : પુત્રોએ કહ્યું, વેદો ભણી જવા માત્રથી અર્થાત્ પાપોનો ત્યાગ કર્યા વિના તે આત્મરક્ષક થઈ શક્તા નથી. બ્રાહ્મણોને ભોજન કરાવવાથી અને તેની સંગતિ કરવાથી તે વધારે અજ્ઞાન દશામાં લઈ જાય છે. જન્મેલા પુત્ર પણ કંઈ પાપકર્મના ફળ ભોગવવામાં આશ્રયરૂપ થતા નથી, તેથી હે પિતાજી ! તમારા કથનનું અનુમોદન કોણ કરશે? કોણ સ્વીકારશે?**

૪. ણાહં **રમે પક્ખિણી પંજરે વા, સંતાણછિણ્ણા ચરિસ્સામિ મોણં ।**

**અકિંચણા ઉજ્જુકડા ણિરામિસા, પરિગ્ગહારંભ** નિયત્તદોસા ॥

**અર્થ : જેમ પિંજરામાં પંખિણી સુખી થતી નથી, તેમ આ રાજ્યસુખથી ભરેલા અંતઃપુરમાં હું પણ આનંદ પામતી નથી, માટે સ્નેહરૂપી તાંતણાને છેદીને તથા આરંભ અને પરિગ્રહના દોષથી નિવૃત્ત, અકિંચન (પરિગ્રહ રહિત થઈને) નિરાસક્ત અને સરળ સ્વભાવી બનીને સંયમમાર્ગમાં વિચરણ કરીશ.**

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ એક શબ્દમાં લખો. (૩)**

| | જવાબ |
|---|---|
| ૧. સર્પ કાંચળી ઉતારી કેવી રીતે જાય છે? | **નિરપેક્ષ ભાવે** |
| ૨. રાત–દિવસ કોને ક્ષીણ કરી રહ્યા છે? | **આયુષ્યબળ** |
| ૩. પંખી શેમાં સુખી થતા નથી? | **પિંજરામાં** |
| ૪. છ આત્માઓ શેના ભયથી ઉદ્વિગ્ન થયા? | **જન્મ–મરણ** |
| ૫. જીવન શેનાથી ભરેલું છે? | **વિઘ્નો** |
| ૬. આપણે દીક્ષા શેના માટે લેવી છે? | **મોક્ષ** |

**(૨૦)**

**પ્ર. ૭ પન્નવણા સૂત્રના આધારે જવાબ લખો.**

**(અ) દ્રવ્યેન્દ્રિયના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. એક જીવ અપેક્ષા અને અનેક જીવ અપેક્ષા મચ્છર, અંજના, ગુલાબના ફૂલની ભૂત–ભવિષ્ય–વર્તમાનની દ્રવ્યેન્દ્રિય લખો. (૬)

| **જ. એક જીવ અપેક્ષા** | **ભૂત** | **વર્તમાન** | **ભવિષ્ય** |
|---|---|---|---|
| મચ્છર | **અનંત** | **૬** | **૯, ૧૦, સંખ્યાત, અસંખ્યાત, અનંત** |
| અંજના | **અનંત** | **૮** | **૮, ૧૬, ૧૭, સંખ્યાત, અસંખ્યાત, અનંત** |
| ગુલાબના ફૂલ | **અનંત** | **૧** | **૮, ૯, ૧૦, સંખ્યાત, અસંખ્યાત, અનંત** |
| **અનેક જીવ અપેક્ષા** | **ભૂત** | **વર્તમાન** | **ભવિષ્ય** |
| મચ્છર | **અનંત** | **અસંખ્યાત** | **અનંત** |
| અંજના | **અનંત** | **અસંખ્યાત** | **અનંત** |
| ગુલાબના ફૂલ | **અનંત** | **અસંખ્યાત** | **અનંત** |

૨. વનસ્પતિ અને ગર્ભજ મનુષ્યની બદ્ધ દ્રવ્યેન્દ્રિય કેટલી છે? શા માટે? (૨×૨)

**જ. વનસ્પતિની બદ્ધ દ્રવ્યેન્દ્રિય અસંખ્યાત છે. વનસ્પતિકાયમાં જીવો અનંત છે પણ તેઓના શરીર અસં. જ હોવાથી શરીરાશ્રિત બદ્ધ દ્રવ્યેન્દ્રિય અસંખ્યાત છે. ગર્ભજ મનુષ્યની બદ્ધ દ્રવ્યેન્દ્રિય સંખ્યાત છે. ગર્ભજ મનુષ્ય સંખ્યાતા જ છે.**

૩. રત્નના જીવ ૮/૯ દ્રવ્યેન્દ્રિય કેવી રીતે કરશે?

**જ. રત્નનો જીવ મરીને મનુષ્ય થઈ મોક્ષે જાય તો ૮ દ્રવ્યેન્દ્રિય કરે અને રત્નનો જીવ મરીને બાદર પૃથ્વી, બાદર પાણી કે બાદર પ્રત્યેક વનસ્પતિ થાય ત્યાં ૧ અને ત્યાંથી મનુષ્ય થઈ મોક્ષે જાય તો ૮ એમ નવ**

**દ્રવ્યેન્દ્રિય કરે.**

**(આ) ભાવેન્દ્રિયના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૧૦)**

૧. એક જીવ અપેક્ષા અને અનેક જીવ અપેક્ષા જુગલિયા મનુષ્ય, હાથી, ગંધર્વની ભૂત–ભવિષ્ય– વર્તમાનની ભાવેન્દ્રિય લખો. (૬)

| **જ. એક જીવ અપેક્ષા** | **ભૂત** | **વર્તમાન** | **ભવિષ્ય** |
|---|---|---|---|
| જુગલિયા મનુષ્ય | **અનંત** | **૫** | **૧૦, ૧૧, સંખ્યાત, અસંખ્યાત, અનંત** |
| હાથી | **અનંત** | **૫** | **૬, ૭, સંખ્યાત, અસંખ્યાત, અનંત** |
| ગંધર્વ | **અનંત** | **૫** | **૬, ૭, સંખ્યાત, અસંખ્યાત, અનંત** |
| **અનેક જીવ અપેક્ષા** | **ભૂત** | **વર્તમાન** | **ભવિષ્ય** |
| જુગલિયા મનુષ્ય | **અનંત** | **સંખ્યાત** | **અનંત** |
| હાથી | **અનંત** | **અસંખ્યાત** | **અનંત** |
| ગંધર્વ | **અનંત** | **અસંખ્યાત** | **અનંત** |

૨. નારકીના જીવો ભવિષ્યમાં ૫/૧૦/૧૫ ભાવેન્દ્રિય કરશે? કેવી રીતે? (૩)

**જ. નારકીના જીવ મરીને મનુષ્ય થઈને મોક્ષે જાય તો ૫ ભાવેન્દ્રિય, તિર્યંચ પંચેન્દ્રિય અથવા મનુષ્યનો ભવ કરી ત્યાર પછી પાછો મનુષ્યનો ભવ કરીને સિદ્ધ થાય તો ૧૦ કરશે. ૨ તિર્યંચ પંચે. અથવા ૨ મનુ.ના ભવ અથવા ૧ તિર્યંચ પંચેન્દ્રિય અને ૧ મનુષ્યનો ભવ કરી ત્યાર પછી પાછો મનુષ્યનો ભવ કરીને સિદ્ધ થાય તો ૧૫ કરશે.**

૩. વનસ્પતિકાયિક જીવો ....... હોવાથી ...... ભાવેન્દ્રિય અનંત છે. **અનંત, બદ્ધ.** (૧)

(૧૦)

**પ્ર. ૮ માર્ગણા સમજણ સહિત લખો. (કોઠો બનાવીને લખો.)**

**જ.**

| માર્ગણા | ના. | તિ. | મનુ. | દેવ | સમજૂતી | કુલ ભેદ |
|---|---|---|---|---|---|---|
| ૧. ઊર્ધ્વલોક શાશ્વતામાં | **0** | **૪૧** | **0** | **૩૮** | **૪૮ ભેદમાંથી ૨ બાદર તેઉના, ૫ સંજ્ઞી તિ. પંચે. ના અપર્યા. વર્જીને, ૩૮ વૈમાનિકના પર્યા.** | **૭૯** |
| ૨. નોગર્ભજ શાશ્વતામાં | **૭** | **૩૮** | **0** | **૯૯** | **૭ નરકના પર્યાપ્તા, ૪૮ ભેદમાંથી ૧૦ સંજ્ઞીના વર્જીને ૩૮, ૯૯ દેવના પર્યાપ્તા** | **૧૪૪** |
| ૩. બાદર ઔદારિક શાશ્વતામાં | **0** | **૩૩** | **૧૦૧** | **0** | **૪૮ માંથી ૧૦ સૂક્ષ્મ અને ૫ સંજ્ઞી તિ. પંચે.ના અપર્યા. વર્જીને, ૧૦૧ સંજ્ઞી મનુષ્યના પર્યા.** | **૧૩૪** |
| ૪. ઘ્રાણેન્દ્રિય મિશ્રયોગ શાશ્વતામાં | **૭** | **૧૨** | **૧૫** | **૮૫** | **૭ નારકીના પર્યા., તેઈ., ચૌરે., ૫ અસંજ્ઞી તિ. પંચે.ના અપર્યા., ૫ સંજ્ઞી તિ. પંચે.ના પર્યા., ૧૫ કર્મભૂમિના પર્યા., ૯૯ દેવમાંથી ૯ ગ્રૈવેયક, ૫ અનુત્તર વિમાન એ ૧૪ પર્યા. વર્જીને** | **૧૧૯** |
| ૫. ઊર્ધ્વલોક તિર્યંચ શાશ્વતામાં | **0** | **૪૧** | **0** | **0** | **૪૮ માંથી ૫ સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયના અપર્યા., બાદર તેઉના બે ભેદ વર્જીને** | **૪૧** |

**જય જિનેન્દ્ર**